અપીલ અરજી નં.૧૮૮ તા.૨૭–૭ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૪–૬–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ફોકસવેગન, હયુન્ડાઈ નવજીવન શો–રૂમ પાસે ઉધનાઝોન રોડ સ્થીત બાંધકામ ચાલું છે જેની રજાચિઠ્ઠી, કાયદેસરતા, પરવાનગીની માહિતી વિ.મુદ્દા નં.(૧) થી (૨) ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૭–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૮૮/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૪–૬–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) ફોકસવેગન, હયુન્ડાઈ નવજીવન શો–રૂમ પાસે ઉધનાઝોન રોડ સ્થીત બાંધકામ ચાલું છે જેની રજાચિઠ્ઠી, કાયદેસરતા, પરવાનગીની માહિતી વિ.મુદ્દા નં.(૧) થી (૨) ની માહિતી આપવા બાબતે કોઈ માહિતી કે નિર્ણય મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૭– ૭ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૮૫ તા.૫–૮–૧૧ થી ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી , એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી પત્ર નં.પીએચડી /ફુડ/૬૮૮ તા.૨૩–૮–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.જાવક/પીએચડી/ફુડ/૬૧૧ તા.૧૭–૮–૧૧ ના પત્રની નકલ તથા અરજદારનો તા.૨૪–૮–૧૧ ના પત્રની નકલ રજૂ અત્રે મળેલ છે. જયારે ઉધનાઝોન તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૪–૬–૧૧ ની અરજીથી ફોકસવેગન, હયુન્ડાઈ નવજીવન શો રૂમના બાંધકામ બાબતે તથા શીવ નમકીનના ફુડ લાયસન્સ બાબતે મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/આ/આ.નં.૧૩૩ તા.૪–૭–૧૧ થી ચીફ ફુડ ઈન્સ્પેકટર દિલ્લીગેટ, સુરત ખાતે તબદીલ કરવામાં આવેલ. જે અંગે અરજદારે કોઈ માહિતી કે નિર્ણય મળેલ નથી તેવું જણાવી તા.૨૭–૭–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેના અનુસંધાને અત્રેથી બંને જાહેર માહિતી અધિકારીઓને પત્ર પાઠવી પૂરક વિગતો માંગવામાં આવેલ. જેના અનુસંધાને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી તરફથી જાવક/ફુડ/૬૧૧ તા.૧૭–૮–૧૧ થી પૂરક વિગતો મળેલ છે. અરજદારની અરજીના મુદ્દા ન. (૧) ફોકસવેગન, હયુન્ડાઈ નવજીવન શો–રૂમ પાસે ઉધનાઝોન રોડ સ્થિત બાંધકામ ચાલું છે જેની રજાચિઠ્ઠી, કાયદેસરતા, પરવાનગીની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીએ પત્ર નં.સા.ઝોન/ટેક/૨૯૬ તા.૧૭–૮–૧૧ થી માહિતી આપ્યાનું તેમજ બંને જાહેર માહિતી અધિકારી ધ્વારા અપીલ કરાયા બાદ માહિતી આપવામાં આવેલ છે તેવું અરજદારે તેમના તા.૨૪–૮–૧૧ ના પત્રથી જણાવેલ છે. સાથે અરજદારે એમ પણ જણાવેલ છે કે જાહેર માહિતી અધિકારી સાઉથઝોન ધ્વારા પત્રમાં રજાચિઠ્ઠી સામેલ છે તેવું જણાવેલ છે પરંતુ ટપાલના કવરમાં પત્ર સાથે તે મળેલ નથી તેવી પણ રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન કક્ષાએથી પૂરક વિગતો માંગવા છતાં મળેલ ન હોઈ તે બાબતે જાહેર માહિતી અધિકારીનો પક્ષ સ્પષ્ટ થઈ શકેલ નથી. (૨) ૨૩, સરદાર એસ્ટેટ ઉ.મ. રોડ સ્થિત શિવ નમકીન આ સંસ્થા ૨૦૦૬ થી પી.એફ.એ. લાયસન્સ વગર ચાલે છે જેના વિરુધ્ધમાં આજ સુધી (નકલ સહિત) જેટલા કેસ કરેલ હોય તેની વિગતો તથા નિયમ અનુસાર કરવાના હોય તેની વિગતો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી આરોગ્ય ફુડ તરફથી પત્ર નં.જાવક/પીએચડી/ફુડ/૬૧૧ તા.૧૭–૮–૧૧ થી સમય અવધિ બાદ અપીલ તબકકે પૂરક વિગતોમાં ૧૪–એ પ્લોટ નં.૨૨/એ, પહેલો માળ, શિવાંજલી બિલ્ડીંગ સરદાર એસ્ટેટ ચોકસી મીલની ગલી ઉધના મગદલ્લા રોડ ખટોદરા સુરત ખાતે આવેલ " શીવ નમકીન " નામની સંસ્થાના માલિક શ્રી પલકેશ બાબુભાઈ પટેલ વગર લાયસન્સે ધંધો કરતાં હોય તેઓની સામે આરોગ્યના ફુડ ઈન્સ્પેકટર શ્રી ડી.ડી. ઠાકરે પી.એફ.એ. કેસ. નં.૦૫/૨૦૧૦ થી તથા ફુડ ઈન્સ્પેકટર શ્રી એમ. જે. રાણાએ પી.એફ.એ. કેસ નં.૨૭/૧૨૦૧૧ થી વગર લાયસન્સે ધંધો કરવા બદલ પી.એફ.એ. એકટ હેઠળ કરેલ કેસોની ફરીયાદોની ઝેરોક્ષ નકલ આ સાથે સામેલ છે. તેવું જણાવેલ છે.

આમ અરજદારે માહિતી નહીં મળ્યા અંગેની અપીલ અરજી બાદ અરજદારને બંને જાહેર માહિતી અધિકારીઓ તરફથી અપીલ કરાયા બાદ માહિતી આપવાનું અરજદારે તેમના તા.૨૪–૮–૧૧ ના પત્રથી જણાવેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી વિલંબથી માહિતી પૂરી પડાયેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનની માહિતી બાબતે રજાચિઠ્ઠીની નકલ પત્ર સાથે નહીં. મળ્યાની અરજદારની તકરાર છે.

હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪–૬–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર સાથે સામેલ જણાવેલ રજાચિઠ્ઠીની નકલ અરજદારને નહીં મળ્યાની રજૂઆતના ઉપલક્ષ્યમાં બાકી તેવી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ